ધનાદિની વૃદ્ધિ અને નિર્ધનાવસ્થાનો નાશ કરનારા જીવને લોકો ચતુર ( -બુદ્ધિમાન ) કહે છે, તથા નિર્ધનાવસ્થાની વૃદ્ધિ અને ધનાદિનો નાશ થવાથી તેને મૂર્ખમાં ગણે છે. —લોકોની ઉપરોક્ત માન્યતા નિતાંત ભૂલ છે, કારણ કે એ તો પૂર્વોપાર્જિત શુભાશુભ પ્રારબ્ધોદયથી થાય છે; સર્વ જીવોને એવી હાનિ-વૃદ્ધિ તથારૂપ પ્રારબ્ધોદય વડે સ્વયમેવ થઇ રહી છે. ××× જગતમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે કે -કોઈ કોઈ બુદ્ધિમાન પુરુષો સરસાઇ પૂર્વક પૂરો પ્રયત્ન કરવા છતાં પણ નિર્ધન રહે છે; જ્યારે કોઇ કોઇ મૂર્ખ જીવો વિના પ્રયત્ને, થોડા પ્રયત્ને વા વિપરીત પ્રયત્ને પણ ધનવાન થતા જોવામાં આવે છે. ××× એમાં જીવનો પુરુષાર્થ માનવો એ નિરર્થક જેવું છે." ( પૃ. ૧૪૮ )

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૨૧૪ ઉપર )

# અહો ! અચિંત્ય આત્મવૈભવ...

અચિંત્ય આત્મવૈભવને ઓળખવો તે જ સમ્યગ્દર્શનનો અને સિદ્ધપદનો ઉપાય છે. જો અચિંત્ય આત્મનિધાનને ઓળખે તો અનાદિકાળની દીનતાનો અંત આવીને અપૂર્વ સિદ્ધપદનાં નિધાન પ્રગટે.

દરેક આત્મા અનંત શક્તિસંપન્ન ચૈતન્ય પરમેશ્વર છે. પણ પોતાના અદ્‌ભુત આત્મવૈભવને ભૂલીને મૂર્ખ જીવો બાહ્ય વૈભવથી પોતાની મહત્તા સમજે છે. લક્ષ્મી મકાન-સ્ત્રી વગેરે પરદ્રવ્ય કે પુણ્ય તે આત્માની ખરી સંપત્તિ નથી, ચક્રવર્તીનો વૈભવ કે ઇન્દ્રપદની વિભૂતિ તેના વડે આત્માની મહત્તા નથી, પોતાની અનંત ચૈતન્યશક્તિરૂપ સંપત્તિ -કે જે આત્માથી કદી પણ જુદી ન પડે -તે જ આત્માની ખરી સંપત્તિ છે, તે જ આત્માનો ખરો વૈભવ છે અને તેનાથી જ આત્માની મહત્તા છે. આવા સ્વભાવના બહુમાનમાં પર્યાયમાં જ્ઞાનાદિ પ્રગટે તેનું અભિમાન થતું નથી; જેને ચૈતન્યની અપાર મહત્તાનું ભાન નથી ને જે તુચ્છબુદ્ધિ છે તેને જ અલ્પ પર્યાયનું ને પરનું અભિમાન થાય છે. બહારમાં લક્ષ્મી વગેરેનો સંયોગ આવે ત્યાં તેને પોતાની સંપત્તિ માનીને અજ્ઞાની અભિમાન કરે છે, પણ તે સંયોગ તો અલ્પકાળ રહીને ચાલ્યો જવાનો છે, તે આત્મા સાથે કાયમ રહેવાનો નથી માટે તે આત્માની સંપત્તિ નથી. અનંતગુણનું ચૈતન્યનિધાન અંદર ત્રિકાળ ભર્યું છે તે શાશ્વત સંપદાને અજ્ઞાની ઓળખતો નથી; જો તે અચિંત્ય આત્મનિધાનને ઓળખે તો પરનું અભિમાન છૂટી જાય ને અનાદિકાળની દીનતાનો અંત આવીને સિદ્ધપદનાં અપૂર્વ નિધાન પ્રગટે.

અહો! અચિંત્ય સામર્થ્યવાળા ને વિકલ્પ વિનાના એવા પૂર્ણ શુદ્ધસ્વભાવરૂપ કેવળજ્ઞાન વૈભવનો મહિમા કેટલો? અને જેમાંથી તે કેવળજ્ઞાન વૈભવ પ્રગટયો તે આત્મદ્રવ્યના અપાર વૈભવની તો શું વાત!! ચૈતન્યસામર્થ્યનો કોઇ અચિંત્ય મહિમા છે. -આવા અચિંત્ય આત્મવૈભવને ઓળખવો તે જ સમ્યગ્દર્શનનો અને સિદ્ધપદનો ઉપાય છે.

-પ્રવચનમાંથી

( અનુસંધાન પુષ્ઠ ૨૧૨ થી ચાલુ )

ગા. ૧૬૧માં કહે છે કે : હે ભિક્ષુ! અગર વિષયભોગ સામગ્રીની જ તારી વાંછા હોય તોપણ થોડો સહનશીલ થઈ સબૂર રાખ! તું જે ભોગાદિને ઇચ્છે છે તેથી વિપુલ અને ઉત્તમ દેવલોકમાં છે. ××× જે ધર્મકૃતિનું ફળ સ્વર્ગાદિ અનુપમ અભ્યુદયો છે તેને, થોડો કાળ ધીરજ ધારી વૃત્તિને રોકી, આચર અને તેથી થોડા જ વખતમાં તારી ઇચ્છિત ભોગસામગ્રી તને સ્વયં પ્રાપ્ત થશે." " [ મુનિપદ ધારી વિષયાભિલાષી થવું જોકે કિંચિત્ પણ યોગ્ય નથી, તથાપિ ભ્રષ્ટ થતા જીવને લોભ દેખાડી સદ્ધર્મમાં સ્થિર કરવો એ યોગ્ય છે -એમ સમજી આમ ઉપદેશ કર્યો છે ] " ( પૃ. ૧૩૬ )

* 'સુભાષિત રત્નસંદોહ' માં કહે છે કે —

( શ્લોક ૩૫૬ ) दैव बड़ा ही स्वेच्छाचारी है। देखो! न्यायसिद्ध तो यह बात है कि जो लोग नीतिपर चलनेवाले हैं - योग्य कार्य करते हैं उन्हें ही लक्ष्मीवाला-धनवान करे और जो पथ्य से रहते हैं –नियमानुसार आहार विहार करने वाले हैं उन्हें ही निरोग बनावे। परंतु इसकी छटा विचित्र ही है-जो अनीतिसेवियों को -अन्यायमार्ग से प्रवर्तनेवालों को तो धनवाला बनाता है और अपथ्य सेवियों-विरुद्ध आहार-विहार करनेवालों को निरोग बनाता है। जिससे स्पष्ट इस [ दैव अर्थात् कर्म ] का स्वेच्छाचारीपना मालूम पडता है।। ( અહીં એમ કહ્યું છે કે વર્તમાનમાં અન્યાયી હોય તેવા જીવને પણ પૂર્વના પુણ્યને લીધે ધનની પ્રાપ્તિ થાય છે, અને અપથ્ય આહારનું સેવન કરવા છતાં પૂર્વના પુણ્યને લીધે શરીર નીરોગ રહે છે. )

* ( ગા.૩૫૭ ) जलधिगतोपि न कश्चित्कश्चित्तटगोपिरत्नमुपयाति।
पुण्यविपाकान्मर्त्यो मत्वेति विमुच्यतां खेदः।।

[ अर्थ : ] कोई मनुष्य तो समुद्र के अंदर जाकर भी रत्न नहि पाता और कोई उसमें बिना जाये तटपर बैठा बैठा ही रत्न पा लेता है इसलिये यह सब महिमा पाप और पुण्य की जानकर मनुष्यों को खेद छोड़ देना चाहिये।

* ( ગા. ૩૫૯ ) जिनका भाग्य सीधा है उनका द्वीप, समुद्र, पर्वतों की शिखर, दिशाओं के अंत और कुए के तल में गिरा हुआ भी रत्न मिल जाता है और जिनका वह भाग्य टेडा है उनका हाथ पर रखा हुआ भी नष्ट हो जाता है।।

* ( ગા. ૩૬૦ )

विपदोपि पुण्यभाजां जायंते संपदोत्र जन्मवतां।
पापविपाकाद्विपदो जायंते संपदोऽपि सदा।।

[ अर्थ : ] पुण्य के विपाक से इस संसार में जीवों पर आई हुई विपत्तियां भी संपत्तियां हो जाती हैं और पाप के प्रभाव से संपत्तियां भी विपत्तियां बन जाती हैं।

* ( ગા. ૩૬૬ )

धनधान्यकोश निचयाः सर्वे जीवस्य सुखकृतः
संति भाग्येनेति विदित्वा विदुषा न विधीयते खेदः।।

[ अर्थ : ] जीव को संसार में जितने भी धन धान्य खजाने आदि सुखदायक पदार्थ हैं वे सब भाग्य के अनुकूल रहने पर ही होते हैं - ऐसा जानकर विद्वान लोग उसमें खेद नहि करते।।

* ( ગા. ૩૭૦ )

दयित जनेन वियोगं संयोगं खल जनेन जीवानां।
सुख-दुःखं च समस्तं विधिरेव निरकुशः कुरुते।।

[ अर्थ : ] संसार में जीवों का इष्ट के साथ वियोग, अनिष्ट के साथ संयोग और सुख-दुःख की प्राप्ति कराना आदि सब निर्भय रीति से प्रवर्तनेवाले दैव के हाथ में है। दैव ही विना किसी भय के इन सब बातों को करता है। [ दैव-पूर्वकर्म ]

* ( ગા. ૩૭૨ )

नश्यति हस्तादर्थः पुण्यविहीनस्य देहिनो लोके।
दूरादेत्य करस्थं भाग्ययुनो जायते रत्नं।।

[ अर्थ : ] जो पुरुष भाग्यहीन है -जिसको पूर्वोपार्जित पापकर्म उदय में आ फल दे रहा है उसके हाथ में आया हुआ भी धन नष्ट हो जाता है और जो पुण्यसहित है -सौभाग्यवाला है उसके दुष्प्राप्य और दूरवर्ती भी धन हाथमें आ जाता है।।

[ -એ પ્રમાણે 'सुभाषित रत्नसंदोह'ના 'दैव अधिकार'માં સ્પષ્ટપણે વિસ્તારથી વર્ણન કર્યું છે કે જીવોને લક્ષ્મી વગેરેનો સંયોગ-વિયોગ થવો તે દૈવનું એટલે કે પૂર્વકૃત પુણ્ય-પાપનું જ ફળ છે. )

શ્રી મહાપુરાણ ( -આદિપુરાણ )ના પાંચમાં સર્ગમાં ભગવત્ જિનસેનાચાર્ય કહે છે કે—

[ श्लोक १४ ] इतः श्रृणु खगाधीश वक्ष्ये श्रेयोऽनुबन्धि ते।
वैद्याधरीमिमां लक्ष्मी विद्धि पुण्यफलं विभो।।

[ १५ ] धर्मादिष्टार्थसम्पत्तिस्ततः काम सुखोदयः।
स च संप्रीतये पुंसां धर्मात्सैषा परम्परा।।

[ १६ ] राज्यञ्च सम्पदो भोगाः कुले जन्म सुरूपता।
पाण्डित्यमायुरारोग्यं धर्मस्यैतत्फलं विदुः।।

[ १७ ] न कारणाद्विना कार्यं निष्पत्तिरिह जातुचित्।
प्रदीपेन विना दीप्ति द्दष्टपूर्वा किमु क्वचित्।।

[ १८ ] नाङ्कुरः स्याद्विना बीजाद्विना वृष्टिर्न वारिदात्।
छत्राद्विनापि नच्छाया विना धर्मान्न सम्पदः।।

[ हिंदी अर्थ ]

[ १४ ] हे विद्याधरों के स्वामी! जरा इधर सुनिये, मैं आपके कल्याण करनेवाले कुछ वचन कहूँगा। हे प्रभो! आपको जो यह विद्याधरों की लक्ष्मी प्राप्त हुई है उसे आप केवल पुण्य काही फल समझिये।।

[ १५ ] हे राजन्! धर्म से इच्छानुसार सम्पत्ति मिलती है ×××

[ १६ ] राज्य, सम्पदाएँ, भोग, योग्य कुल में जन्म, सुन्दरता, पाण्डित्य, दीर्घआयु और आरोग्य -यह सब पुण्य का ही फल समझिये।।

[ १७-१८ ] जिस प्रकार कारण के बिना कभी कार्य की उत्पत्ति नहि होती ××× उसी प्रकार धर्म [ पुण्य ] के बिना सम्पदाएँ प्राप्त नहि होती।।

* મહાપુરાણના છઠ્ઠા પર્વમાં આચાર્યદેવ કહે છે કે —

[ श्लोक १९५ ] ततोऽभिषेकं द्वात्रिंशत्सहस्रधरणीरवरैः।
चक्रवर्ती परं प्रापत पुण्यैः कि नु न लभ्यते।।

[ अर्थ : ] उस समय चक्रवर्तीने बत्तीस हजार राजाओं द्वारा किये हुए राज्याभिषेक महोत्सव को प्राप्त किया था, सो ठीक ही है, पुण्य से क्या क्या नहि प्राप्त होता?

[ श्लोक २०२ ] पुण्यकल्पतरोरुच्चैः फलानीव महान्त्यलम्।
बभुवुस्तरय रत्नानि चतुर्दश विशां विभोः।।

[ २०३ ] निधयो नव तस्यासन् पुण्यानामिव राशयः।
यैरक्षयैरमुष्यासीद् गृहवार्ता महोदया।।

अर्थः [ २०२ ] पुण्यरूपी कल्पवृक्ष के बड़े से बड़े फल इतने होते हैं यह वात सूचित करने के लिये ही मानो उस चक्रवर्ती के चौदह महारत्न प्रकट हुए थे।

[ २०३ ] उसके यहां पुण्य की राशि के समान नौ अक्षय निधियां प्रकट हुई थीं उन निधियों से उसका भण्डार हमेशा भरा रहता था।।

❈ भगवत् जिनसेनाचार्य મહાપુરાણ (આદિપુરાણ) ના ૨૮મા પર્વમાં કહે છે કે —

[ श्लोक २१३ ] देवोऽयमम्बुधिमगाधमलङ्ध्यपारम्।
मुल्लङ्धय लव्धविजयः पुनरप्युपायात्।
पुण्यैकसारथिरिहेति विनान्तरायैः
पुण्ये प्रसेदुषि नृणां किमिवास्त्यलङ्ध्यम्।।

[ २१४ ] पुण्योदयं भरतचक्रधरो जिगीषुरु
द्भिन्नवेलमनिलाहतवीचिमालम्।
प्रोल्लङ्ध्य वार्धिममरं सहसा विजिग्ये
पुण्ये बलीयसि किमस्ति जगत्वजय्यम्।।

[ २१५ ] पुण्योदयेन मकराकरवारिसीम
पृथ्वीं स्वसादकृत चक्रधरः पृथुश्रीः।
दुर्लङ्ध्यमब्धिमवगाह्य विनोपसर्गैः
पुष्पात् परे न खलु साधनमिष्टसिद्धयै।।

[ २१६ ] चक्रायुधोऽयमरिचक्रभयंकर श्रीराक्रम्य
सिन्धुमतिभीषणनक्रचक्रम्।
चक्रे वशे सुरमवश्यमनन्यवश्यं
पुण्यात्परं न हि वशीकरणं जगत्याम्।।

[ २१७ ] पुण्यं जले स्थलभिवाभ्यवपद्यते नृन्
पुण्यं स्थले जलभिवाशु नियन्ति तापम्।
पुण्यं जलस्थलभये शरणं तृतीयं
पुण्यं कुरुध्वमत एव जना जिनोक्तम्।।

[ २१८ ] पुण्यं परं शरणमापदि दुर्विलंध्यं
पुण्यं दरिद्रति जने धनदायि पुण्यम्।
पुण्यं सुखार्थिनि जने सुखदायि रत्नं
पुण्यं जिनोदितमतः सुजनाश्चिनुध्वम्।।

[ २२० ] इत्थं स्वपुण्यपरिपाकजमिष्टलाभं
संश्लाघयनू जनतया श्रुतपुण्यघोषः।
चक्री सभागृहगतो नृपचक्रमध्ये
शक्रोपमः पृथुनृपासनमध्यवात्सीत्।।

[ हिंदी अर्थ ]

[ २१३ ] एक पुण्य ही जिनका सहायक हैं ऐसे महाराज भरत अगाध और पाररहित समुद्र को उल्लंघन कर तथा योग्य उपाय से विजय प्राप्त कर बिना किसी विघ्न-बाधा के यहां वापिस आ गये हैं सो ठीक ही है क्योंकि निर्मल पुण्य के रहते हुए मनुष्यों को क्या अलंघनीय [ प्राप्त

न होने योग्य ] रह जाता है ? अर्थात् कुछ भी नहि।

[ २१४ ] सबको जीतने की इच्छा करनेवाले भरत चक्रवर्तीने पुण्य के प्रभाव से, जिसमें ज्वार-भाटा उठ रहे हैं और जिसमें लहरों के समूह वायु से ताडित हो रहे हैं ऐसे समुद्र को उल्लंघन कर शीघ्र ही मागध देवको जीत लिया, सो ठीक ही है क्योंकि अतिशय बलवान पुण्य के रहते हुए संसार में अजय्य अर्थात् जीतने के अयोग्य क्या रह जाता है ? --कुछ भी नहीं।

[ २१५ ] बहुत भारी लक्ष्मी धारण करने वाले चक्रवर्ती भरतने पुण्यकर्म के उदय से ही बिना किसी उपद्रव के, उल्लंघ करने के अयोग्य समुद्र को उल्लंघन कर समुद्र का जल ही जिसकी सीमा है ऐसी पृथिवी को अपने आधीन कर लिया, सो ठीक ही है क्योंकि इष्ट पदार्थों की सिद्धि के लिये पुण्य से बढ़ कर और कोई साधन नहीं है।।

[ २१६ ] शत्रुओंके समूहके लिये जिनकी सम्पति बहुत ही भयंकर है ऐसे चक्रवर्ती भरतने अत्यंत भयंकर मगर मच्छोंके समूहसे भरे हुए समुद्र को उल्लंघन कर अन्य किसीके वश न होने योग्य मागध देवोंको निश्चितरूपसे वश कर लिया, सो ठीक ही है क्योंकि लोकमें पुण्यसे बढ़ कर और कोई वशीकरण [ वश करनेवाला ] नहीं है।।

[ २१७ ] पुण्य ही मनुष्योंको जलमें स्थल के समान हो जाता है, पुण्य ही स्थल में जल के समान होकर शीघ्र ही समस्त संताप को नष्ट कर देता है, और पुण्य ही जल तथा स्थल दोनों जगह के भयमें एक तीसरा पदार्थ होकर शरण होता है, इसलिये हे भव्यजनो ! तुम लोग जिनेन्द्रभगवानके द्वारा कहे हुए पुण्यकर्म करो।।

[ २१८ ] पुण्य ही आपत्तिके समय किसीके द्वारा उल्लंघन न करने के योग्य उत्कृष्ट शरण है, पुण्य ही दरिद्र मनुष्योके लिये घन देनेवाला है और पुण्य ही सुखकी इच्छा करनेवाले लोगोंके लिये सुख देनेवाला है, इसलिये हे सज्जन पुरुषो ! तुम लोग जिनेन्द्रभगवानके द्वारा कहे हुए इस पुण्यरूपी रत्नका संचय करो।।

[ २२० ] इस प्रकार जिसने लोगोंके समूहसे पुण्य की घोषणा सुनी है ऐसे चक्रवर्ती भरत, अपने पुण्यकर्मके उदयसे प्राप्त हुए इष्ट वस्तुओंके लाभकी प्रशंसा करते हुए सभा-भवनमें पहुँचे।

* મહાપુરાણના ૩૭મા પર્વમાં ભગવત્ જિનસેનાચાર્ય ભરતચક્રવર્તીના અનેકવિધ વૈભવનું વર્ણન કર્યા બાદ કહે છે કે—

[ श्लोकः १९० ] पुण्यकल्पतरोरासन् फलान्येतानि चक्रिणः।
यान्यनन्योपभोग्यानि भोगाङ्गान्यतुलानि वै।।

[ १९१ ] पुण्याद् विना कुतस्तादृग्रूपसंपदनीदृशी ।
पुण्याद् विना कुतस्तादृगभेद्यं गात्रबंधनम्।।

[ १९२ ] पुण्याद् विना कुतस्तादृङ्निधिरत्नर्द्धिरुर्जिता।
पुण्याद् विना कुतस्तादृगिमाश्वादिपरिच्छदः।।

[ १९३ ] पुण्याद् विना कुतस्तादृगन्तःपुरमहोदयः।
पुण्याद् विना कुतस्तादृग् दशांगो भोगसम्भवः।।

[ १९४ ] पुण्याद् विना कुतस्तादृगाज्ञाद्वीपाब्धिलंधिनी।
पुण्याद् विना कुतस्तादृग्जयश्रीर्जित्वरी दिशाम्।।

[ १९५ ] पुण्याद् विना कुतस्तादृक्प्रतापः प्रणतामरः।
पुण्याद् विना कुतस्तादृग्उद्योगो लङ्घितार्णव।।

[ १९६ ] पुण्याद् विना कुतस्तादृक् प्राभवं त्रिजगज्जयि।
पुण्याद् विना कुतस्तादृक् नगराजजयोत्सवः।।

[ १९७ ] पुण्याद् विना कुतस्तादृक् सत्कारस्तत्कृतोऽधिकः।
पुण्याद् विना कुतस्तादृक् सरिद्देव्यभिषेचनम्।।

[ १९८ ] पुण्याद् विना कुतस्तादृक् खचरालनिर्जयः।
पुण्याद् विना कुतस्तादृग्रत्नलाभोऽन्यदुर्लभः।।

[ १९९ ] पुण्याद् विना कुतस्तादृगायतिर्मरतेऽखिले।
-धनागमः प्रभावो वा।
पुण्याद् विना कुतस्तादृक् कीर्तिर्दिक्तटलङ्घिनी।।

[ २०० ] ततः पुण्योदयोद्भूतां मत्वा चक्रभृतः श्रियम्।
चिनुध्वं भो बुधाः पुण्यं यत्पुण्यं सुखसम्पदाम्।।

[ हिंदी अर्थ ]

[ १९० ] चक्रवर्ती के ये सब भोगोपभोग <u>के साधन उसके पुण्यरूपी कल्पवृक्ष के फल थे,</u> उन्हें अन्य कोई नहि भोग सकता था और वे संसार में अपनी बराबरी नहि रखते थे।

[ १९१ ] पुण्य के बिना चक्रवर्ती के समान अनुपम रूप-सम्पदा कैसे मिल सकती है ? पुण्य के बिना वैसा अमेद्य शरीर का बंधन कैसे मिल सकता है ?

[ १९२ ] पुण्य के बिना अतिशय उत्कृष्ट निधि और रत्नों की ऋद्धि कैसे प्राप्त हो सकती है ? पुण्य के बिना वैसे हाथी, घोडा आदि का परिवार कैसे मिल सकता है ?

[ १९३ ] पुण्य के बिना वैसे अन्त:पुर का वैभव कैसे मिल सकता है ? पुण्य के बिना दस प्रकार के भोगोपभोग कहाँ मिल सकते हैं ?

[ १९४ ] पुण्य के बिना द्वीप और समुद्रो की उल्लंघन करनेवाली वैसी आज्ञा कैसे प्राप्त हो सकती है ? पुण्य के बिना दिशाओं को जीतनेवाली वैसी विजयलक्ष्मी वहां मिल सकती है ?

[ १९५ ] पुण्य के बिना देवताओं को भी नम्र करनेवाला वैसा प्रताप कहां प्राप्त हो सकता है ? पुण्य के बिना समुद्र को उल्लंघन करनेवाला वैसा उद्योग कैसे मिल सकता है ?

[ १९६ ] पुण्य के बिना तीनों लोकों को जीतनेवाला वैसा प्रभाव कहां हो सकता है ? पुण्य के बिना वैसा हिमवान् पर्वत को विजय करने का उत्सव कैसे मिल सकता है ?

[ १९७ ] पुण्य के बिना हिमवान् देव के द्वारा किया हुआ वैसा अधिक सत्कार कहां मिल सकता है ? पुण्य के बिना नदियों की अधिष्ठात्री देवियों के द्वारा किया हुआ वैसा अभिषेक कहां हो सकता है ?

[ १९८ ] पुण्य के बिना विजयार्द्ध पर्वत को जीतना कैसे हो सकता है ? पुण्य के बिना अन्य मनुष्यों को दुर्लभ वैसे रत्नों का लाभ कहां हो सकता है ?

[ १९९ ] पुण्य के बिना समस्त भरतक्षेत्र में वैसा सुन्दर विस्तार कैसे हो सकता है ? -अथवा पुण्य के बिना कहां ऐसा धन का आगमन जातैं सकल भरतक्षेत्र का हासिल आवै ? और पुण्य के बिना दिशाओं के किनारे को उल्लंघन करनेवाली वैसी कीर्ति कैसे हो सकती है ?

[ २०० ] इसलिये हे पंडित जन ! चक्रवर्ती की विभूति को पुण्य के उदय से उत्पन्न हुई मानकर उस पुण्य का संचय करो जो कि समस्त सुख और सम्पदाओं की दुकान के समान है।।

[--એ પ્રમાણે ધન-રાજ્ય વગેરે બાહ્ય વૈભવરૂપ સામગ્રીની પ્રાપ્તિ તે પુણ્યનું ફળ છે—એ વાત પુરાણોમાં ઠેરઠેર સ્પષ્ટપણે વર્ણવી છે ]

* પંચાધ્યાયીમાં કહે છે કે —

'सद्वेद्योदयभावान् गृहधनधान्यं कलत्रपुत्रांश्च×××

××× અર્થાત્-સાતાવેદનીય કર્મના નિમિત્તથી જેમનો સદ્ભાવ છે એવા ઘર, ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર વગેરે×××

( અધ્યાય ૧ ગા. ૫૮૧ )

* 'एको दरिद्र एको हि श्रीमानिति च कर्मण:।।

કોઈ દરિદ્રી અને કોઈ ધનવાન હોય છે તેથી એવી દશાની વિચિત્રતાથી કર્મોનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.'

( અધ્યાય ૨ ગા. ૫૦ )

* 'यश: श्री सुतमित्रादि सर्वं कामयते जगत्।

नास्य लाभोऽभिलाषेपि विना पुण्योदयात्सत:।। ४४०।।

( અર્થ :) સર્વે જગતવાસી-અજ્ઞાની જીવો યશ, સંપત્તિ પુત્ર અને મિત્રાદિની ઇચ્છા કરે છે પરંતુ પુણ્યના સદ્ભાવ વિના, તે જીવોને તેની અભિલાષા હોવા છતાં પણ ઇષ્ટની સિદ્ધિ થતી નથી.'

( અધ્યાય ૨ ગા. ૪૪૦ )

'जरा मृत्यु दरिद्रादि न हि [ नापि ] कामयते जगत

तत्संयोगो बलादस्ति सतस्तत्राऽशुभोदयात्।। ४४१।।

( અર્થ :) જગત વૃદ્ધાવસ્થા, મૃત્યુ અને દારિદ્રાદિકતાને ઇચ્છતું નથી, પરંતુ સંસારમાં જીવોને અશુભોદયના સદ્ભાવથી, અભિલાષા નહીં હોવા છતાં પણ એ વૃદ્ધાવસ્થાદિનો સંયોગ થાય છે.'

( અધ્યાય ૨ ગા. ૪૪૧ )

* સત્તાસ્વરૂપમાં કહે છે કે —

'जीवन-मरण, सुख-दु:ख, आपत्ति-संपत्ति, रोग-निरोगिता, लाभ-अलाभ इत्यादि तो जैनी वा अन्यमति सब के अपने अपने पूर्वोपार्जित कर्मोदय के आश्रित सामान्य-विशेषरूप से होता है।

[ पृ. १७ ]

મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહે છે કે—

“પુણ્યનો ઉદય થતાં ઇન્દ્રિયસુખના કારણભૂત સામગ્રી સ્વયં મળે છે, તથા પાપનો ઉદય દૂર થતાં દુઃખના કારણભૂત સામગ્રી સ્વયં દૂર થાય છે.” (પાનું-૮)

* “ચાર અઘાતિ કર્મોના નિમિત્તથી આત્માને બાહ્ય સામગ્રીનો સંબંધ બને છે. ત્યાં વેદનીય વડે તો શરીરમાં વા શરીરથી બાહ્ય નાના પ્રકારનાં સુખ-દુઃખના કારણરૂપ પરદ્રવ્યોનો સંયોગ જોડાય છે. —એ પ્રમાણે અઘાતિ કર્મોવડે બાહ્ય સામગ્રી એકઠી થાય છે.” (પાનું ૨૮)

* “અઘાતિકર્મના ઉદયથી બાહ્ય સામગ્રી મળી આવે છે, તેમાં શારીરાદિક તો જીવના પ્રદેશોથી એકક્ષેત્રાવગાહી થઇ એક બંધનરૂપ જ હોય છે, તથા ધન-કુટુંબાદિક જે આત્માથી ભિન્નરૂપ છે એ બધાં કાંઇ બંધનાં કારણ નથી.” (પાનું-૩૦)

* “અઘાતિકર્મોમાં વેદનીય કર્મના ઉદયથી શરીરમાં બાહ્ય અનેક સુખ-દુઃખનાં કારણો નીપજે છે. શરીરમાં અરોગીપણું, રોગીપણું, દુર્બળપણું ઇત્યાદિ તથા ક્ષુધા, તૃષા, રોગ, ખેદ, પીડા ઇત્યાદિ સુખ-દુઃખનાં કારણો મળી આવે છે. શરીરથી બહાર પણ મનગમતાં ઋતુ-પવનાદિક વા ઇષ્ટ સ્ત્રી, પુત્ર, મિત્ર, ધનાદિ, તથા અણગમતાં ઋતુ-પવનાદિક વા અનિષ્ટ સ્ત્રી, પુત્ર, શત્રુ, દારિદ્રય, વધ, બંધનાદિક સુખ-દુઃખનાં કારણો મળી આવે છે...એ પ્રમાણે કારણોનું મળવું વેદનીય કર્મના ઉદયથી થાય છે. ત્યાં સાતાવેદનીયના ઉદયથી સુખનાં કારણો મળી આવે છે તથા અસાતાવેદનીયના ઉદયથી દુઃખનાં કારણો મળી આવે છે.” (પાનું ૪૫-૪૬)

* “વેદનીય કર્મના ઉદયથી દુઃખ-સુખનાં કારણોનો સંયોગ થાય છે. તેમાં કોઈ તો શરીરમાં જ એવી અવસ્થા થાય છે, કોઇ શરીરની અવસ્થાને નિમિત્તભૂત બાહ્યસંયોગ થાય છે તથા કોઈ બાહ્ય વસ્તુઓનો જ સંયોગ થાય છે. અસાતાવેદનીય કર્મના ઉદયથી શરીરમાં ભૂખ, તરસ, ઉશ્વાસ, પીડા અને રોગાદિક થાય છે, શરીરની અનિષ્ટ અવસ્થાને નિમિત્તભૂત બાહ્યથી અતિ ટાઢ, તાપ, પવન અને બંધનાદિકનો સંયોગ થાય છે તથા બાહ્ય શત્રુ-કુપુત્રાદિક વા કુવર્ણાદિ સહિત પુદ્‌ગલસ્કંધોનો સંયોગ થાય છે. વળી સાતાવેદનીય કર્મના ઉદયથી શરીરમાં અરોગીપણું, બળવાનપણું ઇત્યાદિક થાય છે, શરીરની ઇષ્ટ અવસ્થાને નિમિત્તભૂત બાહ્ય ખાન-પાનાદિક વા રુચિકર પવનાદિકનો સંયોગ થાય છે, તથા બાહ્ય મિત્ર, સુપુત્ર, સ્ત્રી, નોકર-ચાકર, હાથી, ઘોડા, ધન, ધાન્ય, મંદિર અને વસ્ત્રાદિકનો સંયોગ થાય છે.” (પાનું ૬૧-૬૨)

* વળી મુખ્યપણે કેટલીક સામગ્રી સાતાના ઉદયથી પ્રાપ્ત થાય છે તથા કેટલીક અસાતાના ઉદયથી પ્રાપ્ત થાય છે, તેથી એ સામગ્રીઓ વડે સુખ-દુઃખ ભાસે છે, પરંતુ નિર્ણય કરતાં મોહથી જ સુખ-દુઃખનું માનવું થાય છે, પણ અન્યદ્વારા સુખ-દુઃખ થવાનો નિયમ નથી. કેવળી ભગવાનને સાતા-અસાતાનો ઉદય તથા સુખ-દુઃખના કારણરૂપ સામગ્રીનો પણ સંયોગ છે, પરંતુ મોહના અભાવથી તેમને કિંચિત્ માત્ર પણ સુખ-દુઃખ થતું નથી.” (પાનું-૬૪)

* “અઘાતિ કર્મોમાં મુખ્યપણે તેમને (એકેન્દ્રિય જીવોને) પાપ પ્રકૃતિઓનો જ ઉદય હોય છે. અસાતા વેદનીયનો ઉદય થતાં તેના નિમિત્તથી તેઓ મહા દુઃખી હોય છે, પવનથી તૂટી જાય છે, શીત-ઉષ્ણતાથી અને જળ ન મળવાથી વનસ્પતિ સુકાઈ જાય છે, અગ્નિથી બળી જાય છે, કોઈ છેદે છે, ભેદે છે, મસળે છે, ખાય છે, તોડે છે ઇત્યાદિ અવસ્થા થાય છે.” (પાનું-૬૮)

* “વેદનીયમાં મુખ્યપણે એક અસાતાનો જ તેમને (નારકીઓને) ઉદય હોવાથી ત્યાં વેદનાનાં નિમિત્ત મળ્યા જ કરે છે. શરીરમાં કોઢ, કાસ અને ખાંસી આદિ અનેક રોગ યુગપત્ હોય છે. ભૂખ-તરસ તો તેમને એવી તીવ્ર હોય છે કે સર્વનું ભક્ષણ-પાન કરવા તેઓ ઇચ્છે છે. ત્યાંની માટીનું ભોજન તેમને મળે છે, પણ એ માટી એવી હોય છે કે તે અહીં આવે તો તેની દુર્ગંધથી કેટલાય ગાઉ સુધીના મનુષ્યો મરી જાય. શીત-ઉષ્ણતા ત્યાં એવા હોય છે કે લાખ યોજનનો લોખંડનો ગોળો હોય તે પણ તેનાથી ભસ્મ થઇ જાય. તેમાં કેટલાંક નરકોમાં અતિ શીતતા છે અને કેટલાંક નરકોમાં અતિ ઉષ્ણતા છે. ત્યાંની પૃથ્વી શસ્ત્રથી પણ મહાતીક્ષ્ણ કંટકના સમૂહથી ભરેલી છે. એ પૃથ્વીના વનનાં ઝાડ શસ્ત્રની ધાર જેવાં પાંદડાંથી ભરેલાં છે, જેનો સ્પર્શ થતાં શરીરના ખંડ ખંડ થઈ

જાય એવા જલસહિત તો ત્યાં નદીઓ છે, તથા જેથી શરીર દગ્ધ થઈ જાય એવો પ્રચંડ ત્યાં પવન છે, એ નારકીઓ એકબીજાને અનેક પ્રકારે દુઃખી કરે છે, ઘાણીમાં પીલે, શરીરના ખંડખંડ કરે, હાંડીમાં રાંધે, કોરડા મારે તથા લાલચોળ ગરમ લોખંડ આદિનો સ્પર્શ કરાવે—ઇત્યાદિ વેદના પરસ્પર ઉપજાવે છે. ત્રીજી નરક સુધી તો અસુરકુમારદેવ જઈને પોતે પીડા આપે વા તેમને પરસ્પર લડાવે.” (પાનું-૭૦)

* “અઘાતિ કર્મોના ઉદયના નિમિત્તથી શરીરાદિકનો સંયોગ થાય છે.” (પાનું-૩૦૮)

[ ઉપર પ્રમાણે મોક્ષમાર્ગ-પ્રકાશકમાં અનેક જગ્યાએ સ્પષ્ટ કથન છે કે અઘાતિ કર્મના ઉદયના નિમિત્તે બહારની સામગ્રીનો સંયોગ થાય છે. )

* શ્રીમદ્ રાજચંદ્ર આ સંબંધમાં ‘મોક્ષમાળા’ ના ત્રીજા પાઠમાં લખે છે કે—

“એક જીવ સુંદર પલંગે પુષ્પશય્યામાં શયન કરે છે, એકને ફાટલ ગોદડી પણ મળતી નથી; એક ભાતભાતનાં ભોજનથી તૃપ્ત રહે છે, એકને કાળી જારના પણ સાંસા પડે છે; એક અગણિત લક્ષ્મીનો ઉપભોગ લે છે, એક ફૂટી બદામ માટે આતુર થઈને ઘેરઘેર ભટકે છે; એક મધુરાં વચનોથી મનુષ્યોનાં મન હરે છે, એક અવાચક જેવો થઇને રહે છે; એક સુંદર વસ્ત્રાલંકારથી વિભૂષિત થઇ ફરે છે, એકને ખરા શિયાળામાં ફાટેલું કપડું પણ ઓઢવાને મળતું નથી; એક રોગી છે, એક પ્રબળ છે; એક બુદ્ધિશાળી છે, એક જડભરત છે; એક મનોહર નયનોવાળો છે, એક અંધ છે; એક લૂલો છે, એક પાંગળો છે; એક કીર્તિમાન છે, એક અપયશ ભોગવે છે; એક લાખો અનુચરો પર હુકમ ચલાવે છે, એક તેટલાના જ ટૂંબા સહન કરે છે; એકને જોઈને આનંદ ઊપજે છે. એકને જોતાં વમન થાય છે; એક સંપૂર્ણ ઇન્દ્રિયોવાળો છે. એક અપૂર્ણ છે; એકને દીનદુનિયાનું લેશ પણ ભાન નથી ને એકનાં દુઃખોનો કિનારો પણ નથી; એક ગર્ભાધાનથી હરાયો, એક જન્મ્યો કે મૂઓ, એક મૂએલો અવતર્યો, એક સો વર્ષનો વૃદ્ધ થઈને મરે છે; કોઈના મુખ, ભાષા અને સ્થિતિ સરખાં નથી. મૂર્ખ રાજગાદી પર ખમાખમાથી વધાવાય છે ને સમર્થ વિદ્વાનો ધક્કા ખાય છે!

—આમ આખા જગતની વિચિત્રતા ભિન્ન-ભિન્ન પ્રકારે તમે જુઓ છો; એ ઉપરથી તમને કંઈ વિચાર આવે છે? ××× વિચાર આવતો હોય તો કહો—તે શા વડે થાય છે?

-પોતાનાં બાંધેલાં શુભાશુભકર્મો વડે.

* વળી તેઓ લખે છે કે—

“જ્ઞાની પોતાનું ઉપજીવન-આજીવિકા પણ પૂર્વકર્માનુસાર કરે છે.” (પૃષ્ઠઃ ૨૨૨)

“સ્વાભાવિક કોઈ પુણ્યપ્રકારવશાત્ સુવર્ણવૃષ્ટિ ઇત્યાદિ થાય એમ કહેવું અસંભવિત નથી.” (પૃ. ૨૩૫)

“××× મુમુક્ષુએ પૂર્વોપાર્જિત શુભાશુભ કર્માનુસાર આજીવિકાદિ પ્રાપ્ત થશે એમ વિચારી માત્ર નિમિત્તરૂપ પ્રયત્ન કરવું ઘટે, પણ ભયાકુળ થઈ ચિંતા, કે ન્યાયત્યાગ કરવો ન ઘટે; કેમકે તે તો માત્ર વ્યામોહ છે; —એ સમાવવા યોગ્ય છે. પ્રાપ્તિ શુભાશુભ પ્રારબ્ધ અનુસાર છે.” (પૃ. ૪૪૩)

“મનની વૃત્તિ શુદ્ધ અને સ્થિર થાય એવો સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે. વળી તેમાં આ દુષમકાળ હોવાથી જીવને તેનો વિશેષ અંતરાય છે. જે જીવને પ્રત્યક્ષ સત્સમાગમનો વિશેષ લાભ પ્રાપ્ત થાય તે મહત્ પુણ્યવાનપણું છે. (પા. ૪૬૦)

* જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં પુણ્ય-પાપની વ્યાખ્યા નીચે પ્રમાણે કરી છે—

प्र. ३३६: पुण्यकर्म किसको कहते हैं?

उ. ३३६: जो जीव को इष्ट वस्तु की प्राप्ति करावे।

प्र. ३३७: पापकर्म किसको कहते हैं?

उ. ३३७: जो जीवको अनिष्ट वस्तुकी प्राप्ति करावे।

—આ રીતે અનેક પ્રમાણભૂત આધારોથી એ વાત સિદ્ધ છે કે જીવને વર્તમાનમાં ઇષ્ટ-અનિષ્ટ સામગ્રીઓનો સંયોગ પૂર્વના પુણ્ય-પાપકર્મના ઉદયાનુસાર થાય છે, જીવના વર્તમાન પ્રયત્નથી નહીં. કોઈ જીવ ધર્માત્મા-ગુણવાન હોવા છતાં જો પૂર્વના પુણ્ય ન હોય તો તેને લક્ષ્મી વગેરેનો સંયોગ નથી હોતો; અને ગુણહીન જીવને પણ પૂર્વના પુણ્યને લીધે લક્ષ્મી વગેરેનો સંયોગ હોય છે. માટે બાહ્ય સામગ્રી તે પૂર્વના પુણ્ય પાપકર્મનું ફળ છે.

# ભાવલિંગી મુનિનું સ્વરૂપ

( "જૈનદર્શન–શિક્ષણવર્ગ"ની ઉત્તમ શ્રેણીની પરીક્ષામાં પૂછાયેલા પહેલાં પ્રશ્નના ઉત્તરરૂપ નિબંધ )

મુનિદશાનો અલૌકિક મહિમા છે, અહો! મુનિવરો તો કેવળીપ્રભુના પાડોશી છે, તેઓ પંચપરમેષ્ઠી પદમાં ભળી ગયા છે અને કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા છે –જાણે હમણાં શ્રેણી માંડીને કેવળજ્ઞાન લીધું કે લેશે –એવી તેમની આત્મજાગૃતિ છે. એ ધન્યદશામાં દુઃખ કે કલેશ નથી પણ સિદ્ધભગવાન જેવો અપૂર્વ મહાઆનંદ છે. અહો! ધન્ય તે મુનિવરા! સંયમસુધાસાગરમાં ઝૂલતા એ સંતોને નમસ્કાર હો.

## * શુદ્ધોપયોગી દિગંબર સંતોને નમસ્કાર હો! *

જેને પોતાનું આત્મકલ્યાણ કરવું હોય તેણે સાચા દેવ–ગુરુ–શાસ્ત્રનું સ્વરૂપ બરાબર ઓળખવું જોઈએ; દેવ–ગુરુ–શાસ્ત્રની ઓળખાણ વગર યથાર્થ જ્ઞાન–શ્રદ્ધાન્ થતાં નથી. વળી દેવ અને શાસ્ત્રની ઓળખાણ પણ ગુરુ દ્વારા થાય છે. ગુરુનું સ્વરૂપ ઓળખવામાં જ જેની ભૂલ હોય તેને તો દેવ અને શાસ્ત્ર વગેરેમાં પણ ભૂલ હોય છે. માટે ગુરુનું સ્વરૂપ યથાર્થપણે ઓળખવું જોઈએ.

સામાન્યપણે તો સમ્યગ્દર્શન–જ્ઞાનના ધારક ધર્માત્મા પણ જ્ઞાનગુરુ હોઈ શકે છે, પણ અહીં મોક્ષમાર્ગમાં મુખ્યપણે સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વક ચારિત્રના ધારક એવા દિગંબર મુનિ તે ગુરુ છે. અંતરમાં સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વક ચારિત્રદશાનો જે શુદ્ધોપયોગ પ્રગટયો છે તે મુનિઓનું ભાવલિંગ છે અને એવા ભાવલિંગી મુનિઓને બહારમાં વસ્ત્રરહિત દિગંબર દશા જ હોય છે –તે દ્રવ્યલિંગ છે. ભાવલિંગી મુનિઓની અંતર અને બાહ્યદશા કેવી હોય –તેનું વિશેષ વર્ણન મોક્ષમાર્ગ–પ્રકાશકમાં નીચે પ્રમાણે કર્યું છે—

## * મુનિઓની અંતરંગ અવસ્થા *

પ્રથમ જેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો થયા છે અને પછી વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગવડે પોતે પોતાને અનુભવે છે,

પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી,

પોતાના જ્ઞાનાદિક સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી.

પરદ્રવ્ય વા તેના સ્વભાવો જ્ઞાનમાં પ્રતિભાસે છે તેને જાણે છે તો ખરા, પરંતુ તેને ઇષ્ટ–અનિષ્ટ માની તેમાં રાગ–દ્વેષ કરતા નથી,

શરીરની અનેક પ્રકારની અવસ્થા થાય છે તેમજ બહારમાં અનેક પ્રકારના સંયોગ–વિયોગરૂપ નિમિત્ત બને છે પરંતુ ત્યાં કાંઈ પણ સુખ–દુઃખ માનતા નથી,

પોતાને યોગ્ય બાહ્યક્રિયા જેમ બને છે તેમ બને છે પરંતુ તેને ખેંચીતાણીને કરતા નથી,

પોતાના ઉપયોગને બહુ ભમાવતા નથી પણ ઉદાસીન થઈ નિશ્ચલવૃત્તિને ધારણ કરે છે,

જ્યારે શુદ્ધોપયોગમાં સ્થિર ન રહી શકે ત્યારે શુભોપયોગ પણ થાય છે, જે વડે તે શુદ્ધોપયોગના બાહ્ય સાધનોમાં, –પંચમહાવ્રતાદિમાં અનુરાગ કરે છે, પરંતુ એ રાગભાવને પણ હેય જાણી દૂર કરવા ઇચ્છે છે,

અને તીવ્ર કષાયના અભાવથી હિંસાદિરૂપ અશુભોપયોગ

પરિણતિનું તો અસ્તિત્વ જ રહ્યું નથી.

—એવી ભાવલિંગી મુનિઓની અંતરંગદશા હોય છે. અને જ્યાં આવી અંતરંગદશા હોય ત્યાં બહિરંગદશા કેવી હોય છે તે કહે છે :–

## * મુનિઓની બહિરંગ અવસ્થા *

ઉપર કહી તેવી અંતરંગ અવસ્થા થતાં બાહ્યમાં ભાવલિંગી મુનિ દિગંબર સૌમ્ય મુદ્રાધારી થયા છે,

શરીર સંસ્કારાદિ વિક્રિયાથી રહિત થયા છે, વનખંડાદિ વિષે વસે છે,

અઠ્ઠાવીસ મૂળગુણોનું અખંડિત પાલન કરે છે – (પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઇન્દ્રિયનિરોધ, છ આવશ્યક, કેશલોચ, સ્નાનનો અભાવ, નગ્નતા, અદંતધોવન, ભૂમિશયન, સ્થિતિ ભોજન, અને એકવાર આહારગ્રહણ –એ અઠ્ઠાવીસ મૂળગુણો છે) ક્ષુધા–તૃષા ઇત્યાદિ બાવીસ પરિષહોને સહન કરે છે, બાર પ્રકારના તપને આદરે છે,

કદાચિત્ ધ્યાનમુદ્રાધારી પ્રતિમાવત્ નિશ્ચલ થાય છે,

કદાચિત્ અધ્યયનાદિક બાહ્યધર્મક્રિયામાં પ્રવર્તે છે.

કોઈ વેળા યોગ્ય આહાર–વિહારાદિ ક્રિયામાં સાવધાન થાય છે.

—એ પ્રમાણે જેઓ ભાવલિંગી જૈનમુનિ છે તે સર્વેની આવી જ અવસ્થા હોય છે. આવા મુનિવરો છઠ્ઠા–સાતમા ગુણસ્થાને આત્માના અપાર આનંદમાં ઝૂલતા હોય છે. જેને બહારમાં વસ્ત્રરહિત દિગંબરદશા અને અઠ્ઠાવીસ મૂળગુણ વગેરે હોવા છતાં અંતરમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવલિંગ પ્રગટ્યું નથી તેને મુનિદશા નથી, અને જ્યાં બહારમાં જ વસ્ત્રાદિનું ગ્રહણ છે તથા ૨૮ મૂળગુણ નથી ત્યાં તો દ્રવ્યલિંગ પણ નથી.

“અપૂર્વ અવસર” કાવ્યમાં એ ધન્યદશાનું વર્ણન કરતાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે—

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહી
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો...
–અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

વળી આગળ જતાં કહે છે કે—

નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહિ,
દ્રવ્ય–ભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો...
–અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

અહો, અહીં તો અત્યારે આવા મુનિના દર્શન પણ અતિ દુર્લભ થઈ પડયા છે, –પરંતુ મહાવિદેહક્ષેત્રમાં આવી દશાવાળા અનેક મુનિઓ અત્યારે પણ વિચરી રહ્યા છે, અને મોક્ષને સાધી રહ્યા છે. **साधयति इति साधुः** અર્થાત્ ચૈતન્યસ્વભાવમાં એકાગ્રતા વડે આત્માની મુક્તદશાને જે સાધે છે તે સાધુ છે, પરંતુ જેને હજી આત્માનું ભાન જ ન હોય તે તેને ક્યાંથી સાધે ? અને તેને સાધુપણું–મુનિદશા ક્યાંથી હોય ? સમ્યગ્દર્શન વગર તો મુનિદશા હોય જ નહિ.

સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માને પણ ગૃહસ્થપણામાં કદી મુનિદશા હોતી નથી. સમ્યગ્દર્શન પછી અંતરમાં વિશેષ વૈરાગ્યપૂર્વક સર્વસંગ પરિત્યાગી થઇ, અંતરસ્વરૂપમાં એકાગ્રતાના ઉગ્ર પુરુષાર્થ વડે ચારિત્રદશા પ્રગટ કરીને મુનિ થાય છે. જેમ છોતાં, કાચલી અને રાતપ એ ત્રણેયથી ટોપરાનો સફેદ–મીઠો ગોળો જુદો છે તેમ શરીર, કર્મ અને રાગદ્વેષ એ ત્રણેયથી પાર ચૈતન્ય–આનંદનો ગોળો આત્મા છે, તેના અતીન્દ્રિય અનુભવમાં નિર્વિકલ્પપણે એકદમ લીન થતાં મુનિઓને પહેલાં સાતમું ગુણસ્થાન પ્રગટે છે. આવા આત્મઅનુભવ સિવાય મુનિપણું કોઇ જીવને હોતું નથી. અને આવી મુનિદશા વગર કોઈ પણ જીવને કેવળજ્ઞાન કે મુક્તિ થતી નથી.

‘શ્રામણ્યમાર્ગના પ્રણેતા’ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રવચનસારની ૨૦૫–૨૦૬ ગાથામાં શ્રમણના બહિરંગ અને અંતરંગ લિંગોનું વર્ણન કરતાં કહે છે કે—

જન્મ્યા પ્રમાણે રૂપ, લુંચન કેશનું, શુદ્ધત્વ ને હિંસાદિથી શૂન્યત્વ, દેહ–અસંસ્કરણ –એ લિંગ છે. આરંભ મૂર્છા શૂન્યતા, ઉપયોગ યોગ વિશુદ્ધતા, નિરપેક્ષતા પરથી, –જિનોદિત મોક્ષકારણ લિંગ આ.

આ રીતે જૈનશાસનના ભાવલિંગી મુનિઓની અંતર–બાહ્યદશા કેવી હોય તે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ વગેરે સમર્થ સંતોએ દાંડી પીટીને સ્પષ્ટ જાહેર કર્યું છે. આનાથી વિરુદ્ધ મુનિદશા કોઈ માને — વસ્ત્રાદિ પરિગ્રહ રાખીને પણ મુનિપણું મનાવે તો તેને નિષેધ કરતાં ‘સૂત્ર પાહુડ’ માં કુંદકુંદાચાર્યદેવ કહે છે કે —

जहजायरूवसरिसो तिलतुसमित्तं ण गिहदि हत्तेसु
जइ लेइ अप्पबहुयं तत्तो पुण जाइ णिगोदम्।। १८।।

તેનો ભાવાર્થ એ છે કે : મુનિ યથાજાતરૂપ નિર્ગ્રંથ દિગંબર મુદ્રાના ધારક હોય છે, તેમને તિલતુષમાત્ર પરિગ્રહનું ગ્રહણ હોતું નથી; છતાં જે જીવ કંઇ પણ પરિગ્રહ ધારણ કરીને મુનિપણું મનાવે છે તે નિગોદ જાય છે. કેમકે તે જીવને જિનસૂત્રની શ્રદ્ધા નહીં હોવાથી તે મિથ્યાદ્રષ્ટિ છે અને મિથ્યાત્વનું ફળ નિગોદ છે.

મુનિદશાનો અલૌકિક મહિમા છે, અહો! મુનિવરો તો કેવળી પ્રભુના પાડોશી છે, તેઓ પંચ પરમેષ્ઠી પદમાં ભળી ગયા છે, અને કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા છે –જાણે હમણાં શ્રેણી માંડીને કેવળજ્ઞાન લીધું કે લેશે –એવી તેમની આત્મજાગૃતિ છે. –આવા મુનિવરો મંગલરૂપ છે, લોકમાં ઉત્તમ છે અને ભવ્યજીવોને શરણરૂપ છે. એ ધન્યદશામાં દુઃખ કે કલેશ નથી પણ સિદ્ધ ભગવાન જેવો અપૂર્વ મહાઆનંદ છે. આવી મુનિદશામાં ઘણું દુઃખ છે એમ જે માને છે તે મૂઢ છે, મુનિની અદ્‌ભુત અંતરદશાનું તેને ભાન નથી. આ મોક્ષમાર્ગી મુનિવરો આગમચક્ષુવાળા હોય છે, તેનું વર્ણન કરતાં પ્રવચનસારમાં ( ગા. ૨૩૪ ની ટીકામાં ) કહે છે કે : સર્વતઃ ચક્ષુપણાની સિદ્ધિને માટે ભગવંત શ્રમણો આગમચક્ષુ હોય છે. તેઓ તે આગમરૂપ ચક્ષુવડે...સ્વ–પરનો વિભાગ કરીને, મહામોહને જેમણે ભેદી નાખ્યો છે એવા વર્તતા થકા, પરમાત્માને પામીને, સતત જ્ઞાનનિષ્ઠ જ રહે છે.

અહો! ધન્ય તે મુનિવર...! સંયમ સુધાસાગરમાં ઝૂલતા એ સંતોના પાવનકારી ચરણોમાં ભક્તિપૂર્વક નમસ્કાર હો...

“णमो लोए सव्व साहूणं”

## દસ લક્ષણી ધર્મ અથવા પર્યુષણપર્વ

ભાદરવા સુદ પાંચમ ને રવિવાર તા. ૧૩–૯–૫૩ થી ભાદરવા સુદ ચૌદસ ને મંગળવાર તા. ૨૨–૯–૫૩ સુધીના દસ દિવસો સોનગઢમાં દસ લક્ષણી ધર્મ અથવા પર્યુષણપર્વ તરીકે ઊજવાશે. આ દિવસો દરમિયાન ઉત્તમક્ષમા વગેરે દસ ધર્મો ઉપર પૂ. ગુરુદેવશ્રીના ખાસ અધ્યાત્મ પ્રવચનો થશે.

## જૈન અતિથિ સેવા-સમિતિની વાર્ષિક બેઠક

ભાદરવા સુદ બીજ ને ગુરુવાર તા. ૧૦–૯–૫૩ ના રોજ સાંજે પાંચ વાગે શ્રી જૈન અતિથિ સેવા–સમિતિની વાર્ષિક બેઠક મળશે, તેમાં સર્વે સભ્યોને હાજર રહેવા વિનંતિ છે.

## ધાર્મિક-પ્રવચનના ખાસ દિવસો

સોનગઢમાં દર વર્ષની માફક શ્રાવણ વદ ચૌદસ ( પહેલી ) ને રવિવાર તા. ૬–૯–૫૩ થી ભાદરવા સુદ પાંચમ ને રવિવાર તા. ૧૩–૯–૫૩ સુધીના આઠ દિવસો ધાર્મિક દિવસો તરીકે ઊજવાશે ને આ દિવસોમાં પૂ. ગુરુદેવશ્રીનાં ખાસ પ્રવચનો થશે. આ દિવસો દરમિયાન ઘણાખરા મુમુક્ષુઓને કામધંધાથી નિવૃત્તિનો વિશેષ અવકાશ મળતો હોવાથી તેઓ લાભ લઈ શકે તે હેતુએ આ આઠ દિવસો રાખવામાં આવે છે.

# થાકયાનો વિસામો

હવે આ ચોરાશીના અવતારનો જેને ભય લાગ્યો હોય એવો ભયભીત જીવ અંતરમાં આત્માના શરણને શોધે. તે એમ વિચારે કે અરેરે! શું આ ભવ જ કરવાનો મારો સ્વભાવ હશે કે ભવરહિત શાંતિ કયાંય હશે!! આ ભવભ્રમણના થાક ઉતારવાનો વિસામો કયાં હશે! આમ, જેને અંતરમાં ભવનો થાક લાગ્યો હોય તે વિસામો શોધે...

શ્રી ગુરુદેવ તેને પરમ કરુણાથી કહે છે કે બાપુ! જો તું ભવભ્રમણથી થાકયો હો તો તારા આત્મામાં શરણને શોધ. તારા આત્માને ઓળખીને તેનું જ શરણ કર, એ સિવાય બહારમાં બીજું કોઇ તને શરણરૂપ થાય તેમ નથી. આત્માને ઓળખીને સમ્યગ્દર્શન કરવું તે જ થાકયાનો વિસામો છે.

–પ્રવચનમાંથી.

# –અપૂર્વ... ભાવના–

હે ભાઈ! તું ભાવના તો સ્વભાવની કર. સ્વભાવની ભાવના કરવા માટે પહેલાં યથાર્થ વસ્તુસ્થિતિ નક્કી કર. યથાર્થ વસ્તુને ઓળખ્યા વગર મિથ્યાત્વાદિક ભાવોને જ અનાદિકાળથી ભાવ્યા છે, પણ ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને સમ્યગ્દર્શનાદિ ભાવોને કદી સેવ્યા નથી. એકવાર પણ જો સમ્યગ્દર્શનાદિ ભાવોને સેવે તો અલ્પકાળમાં મોક્ષ થયા વિના રહે નહીં. પરમ ચૈતન્યસ્વભાવની ભાવનાથી જે સમ્યગ્દર્શનાદિ પવિત્ર ભાવો પ્રગટે તે જ ધર્મ અને કલ્યાણરૂપ છે.

મિથ્યાત્વ–આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;
સમ્યક્ત્વ–આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦

# સમ્યગ્દર્શન માટે આત્માર્થીનો ઉલ્લાસ અને નિર્વિકલ્પ અનુભૂતિ

સમ્યગ્દર્શન સન્મુખ થયેલા જિજ્ઞાસુ જીવને પોતાનું કાર્ય કરવાનો ઘણો હર્ષ હોવાથી અંતરંગ પ્રીતિથી તેનો ઉદ્યમ કરે છે. પોતાનું કાર્ય એટલે સમ્યગ્દર્શન; સમ્યગ્દર્શન કરવું એ જ તેના જીવનનું ધ્યેય છે –એ જ તેના જીવનનું સાધ્ય છે તેથી સમ્યગ્દર્શન માટે ઉલ્લાસપૂર્વક નિરંતર પ્રયત્ન કરે છે, તેમાં પ્રમાદ કરતો નથી. પોતાનું આત્મકાર્ય સાધવા માટે આત્માર્થીનાં પરિણામ નિરંતર ઉલ્લાસમાન હોય છે. સમ્યગ્દર્શન સિવાય બીજું કાર્ય પોતાનું ભાસતું નથી એટલે તેમાં રસ નથી, નિજ કર્તવ્યને એક ક્ષણ પણ અંતરથી વિસારતો નથી. –આવો જીવ અલ્પકાળમાં સમ્યગ્દર્શન પામે છે.

તત્ત્વવિચાર કરીને પણ જ્યારે અંતરમાં સ્વરૂપસન્મુખ થાય ત્યારે જ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય છે. માત્ર તત્ત્વવિચાર તે જ કાંઇ સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન ક્યારે થયું કહેવાય? કે જ્યારે સ્વરૂપસન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભૂતિ થાય–અતીન્દ્રિય આનંદનું વેદન થાય –ત્યારે જ યથાર્થ સમ્યગ્દર્શન થયું કહેવાય, તે જ યથાર્થ પ્રતીતિ છે; તે સિવાય યથાર્થ પ્રતીતિ કહેવાય નહિ. તત્ત્વવિચાર પછી અંતર્મુખ થઈને સ્વરૂપની નિર્વિકલ્પ અનુભૂતિ ન કરે ત્યાં સુધી જીવ સમ્યગ્દર્શન પામતો નથી. અંતરમાં ચૈતન્યસ્વભાવનો પરમ મહિમા કરીને તેની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી–પ્રત્યક્ષ સ્વસંવેદન કરવું—તે જ સમ્યગ્દર્શન છે.

–પ્રવચનમાંથી

પ્રકાશક :– શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, વતી જમનાદાસ માણેકચંદ રવાણી, વલ્લભ–વિદ્યાનગર, ( ગુજરાત )

મુદ્રક :– જમનાદાસ માણેકચંદ રવાણી, અનેકાન્ત મુદ્રણાલય: વલ્લભ–વિદ્યાનગર, ( ગુજરાત )